પાલનપુરના પૌરાણિક કંથેરીયા હનુમાન મંદિરના ૪૩માં જન્મોત્સવની ભવ્ય શોભાયાત્રા

પાલનપુર તા. ૭

પાલનપુરના પૌરાણિક એવા કંથેરીયા હનુમાન મંદિરના ૪૩ માં જન્મોત્સવની ભારે ધામધૂમથી રંગે ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના મહંત પ.પૂ. ધર્મભૂષણ ક્ષિપ્રાગીરિ બાપજી, ના શિષ્ય પ.પૂ. શિવગીરીજી અને કંથેરીયા હનુમાન ભક્ત મંડળ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ અને દુર્ગાવાહિની ના સંયુક્ત ઉપક્રમે વિશાળ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર કંથેરીયા હનુમાન મંદિરેથી નીકળી પરિભ્રમણ કર્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મંદિરમાં થી શણગારેલા રથમાં હનુમાન દાદા ના બાળ સ્વરૂપ ની આરતી કરી રથમાં સ્થાન આપી બાળ ગોપાલ કૃષ્ણ ને પણ સ્થાન આપી મહારાજ શિવગીરીજી અને હાથીદરા ના મહંત સહિત સાધુ સંતો રથમા બિરાજમાન થયા હતા. હનુમાન દાદા ના ચિત્રો વાળી કેસરી ધજા પતાકા અને ડીજે માં બચ્ચા બચ્ચા રામ કા જન્મભૂમિ કે કામકા અને ભારત કા બચ્ચા બચ્ચા જય શ્રી રામ બોલેગા ના ધાર્મિક શૌર્ય ગીતો સાથે અને રામ લક્ષ્મણ જાનકી જય બોલ હનુમાન કી ના સૂત્રોચાર સાથે ભજન મંડળીઓ અને ધાર્મિક ગરબા ના તાલે શોભાયાત્રા નું શહેરના રાજમાર્ગો પર ઠંડા શરબત પાણી કુલ્ફી અને નાસ્તાથી શોભાયાત્રામાં સામેલ હનુમાન ભક્તોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીજે ની ગાડીમાં મોટી બંદૂક માંથી રંગબેરંગી કાગળના ટુકડા ઉડાડી અનેરુ આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રામાં પંજાબ સૌરાષ્ટ્ર ઉત્તર ભારત સહિત ઉત્તર ગુજરાતના ભાવિકો સંતો મહંતો સામેલ થયા હતા. જિલ્લા પોલીસવડા અક્ષય રાજની આગેવાની હેઠળ પૂર્વ શહેર પોલીસ એલસીબી એસઓજી અને પશ્ચિમ શહેર પોલીસ તથા હોમગાર્ડ ના જવાનો શોભાયાત્રા ની જડબે સલાખ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

બાયડના રીટાબેન મહેશભાઈ શાહનું દુઃખદ નિધન

બાયડ તા. ૬

બાયડ ગામના સેવાભાવિ મહેશભાઈ (રડીયાભાઈ) ચંદ્રકાન્તભાઈ શાહના પત્નિ રીટાબેન શાહનું ટૂંકી માંદગી બાદ ગુરૂવારે દુઃખદ નિધન થયું છે. સ્વર્ગસ્થની તેમના નિવાસસ્થાન શ્રીજી શરણમ્ સોસાયટીથી નિકળેલી અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ ડૉક્ટરો, કેમીસ્ટો, વેપારીઓ અને આગેવાનો જોડાયા હતા. શોક સંતપ્ત પરિવારને ઉપસ્થિતોએ સાંત્વના આપી હતી.

પેપર લીક પ્રકરણમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો ફરી બદનામ

જિલ્લામાંથી બે યુવતી સહિત સાત પરીક્ષાર્થીઓની એ.ટી.એસ. દ્વારા ધરપકડ

સાબરકાંઠાના વન અધિકારી અને બાયડ પાલિકા ભાજપના કોર્પોરેટરના પુત્રની પણ ધરપકડ આગામી સપ્તાહે વધુ ધરપકડની સંભાવના વધી : જામીન માટે કોર્ટ આગળ સબંધીઓનાં ધાડાં ઉમટયાં

હિંમતનગર, તા.૭

પેપર લીકનું એ.પી. સેન્ટર ફરી એકવાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો હોય તેમ બદનામ થયો છે. ગત જાન્યુઆરીમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ-ગાંધીનગર દ્વારા જુનિયર કલાર્કની પરીક્ષા યોજાય તે અગાઉ રાજ્ય પોલીસની સતર્કતાથી પેપર લીક કરનારી ગેંગ ઝડપાઈ અને પરીક્ષા રદ થઈ. ત્યાર પછી રાજ્ય અને આંતરરાજ્ય ગેંગની સંડોવણીમાં ૧૬ આરોપીઓની ધરપકડ પછી રુ ૧૨ થી ૧૫ લાખમાં પેપર ખરીદવાની પેરવી કરનારા પરીક્ષાર્થીઓને ઓળખી કઢાયા છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી ૨ યુવતીઓ સહિત ૭ આરોપીઓની ગુજરાત એ.ટી.એસ. દ્વારા ધરપકડ કરવામાં આવી છે જેમાં સાબરકાંઠાના વન અધિકારી તેમજ બાયડ નગરપાલિકા ભાજપ કોર્પોરેટરના પુત્રની પણ અટકાયત કરવામાં આવી છે. તપાસ દરમ્યાન હજુ ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. ૨ મહિના અગાઉ એ.ટી.એસ.એ પેપર લીક પ્રકરણમાં બાયડના કેતન બારોટ અને રાજ બારોટની ધરપકડ કરી છે જે અત્યારે જેલમાં બંધ છે. યેનકેન પ્રકારે પેપર લીક પ્રકરણનો રેલો બૃહદ સાબરકાંઠામાં પહોંચી જાય છે. અત્યાર સુધીમાં વિવિધ વિભાગની સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક પ્રકરણમાં બંન્ને જિલ્લામાંથી ૧૦૦ થી વધુ આરોપીઓની પોલીસે ઓળખ કરી ધરપકડ કરી છે અને હાલ જામીન પર મુક્ત છે. ત્યારે ગત તા.૨૯ જાન્યુઆરીએ જૂનિયર કલાર્કની પરીક્ષા યોજાય તે અગાઉ વડોદરામાં સ્ટેકવાઈઝ ટેકનોલોજી નામની કોમ્પ્યુટર સેન્ટર ચલાવતા બિહારના ભાસ્કર ગુલાબ ચૌધરી તથા અમદાવાદ ખાતેના દીશા એજ્યુકેશનના એમ.ડી. કેતન બળદેવભાઈ બારોટનો સંપર્ક થયો હતો અને ત્યાર પછી અન્ય આરોપીઓએ ભેગા મળી હૈદરાબાદની કે.એલ.હાઈટેક પ્રેસમાંથી પેપર મળતિયાઓ મારફતે બહાર લઈ આવ્યા હતા. એક પછી એક તપાસ દરમ્યાન ગુજરાત એ.ટી.એસ.એ ૧૫ આરોપીઓને લીક થયેલ પેપર સાથે પકડી પાડ્યા હતા અને ત્યારબાદ તપાસ દરમ્યાન અન્ય ૪ આરોપીઓની પણ ધરપકડ થઈ હતી. એ.ટી.એસ. દ્વારા ભાસ્કર ચૌધરીની વડોદરા ખાતેની ઓફીસ ઉપર તપાસ દરમ્યાન અન્ય આરોપીઓની વિગતો મળી જેમાં જૂનિયર કલાર્કની પરીક્ષાના કોલ લેટર, કોરા ચેક, અસલ સર્ટીફીકેટ તથા અન્ય દસ્તાવેજ મળી આવ્યા હતા. જેમાં પેપર લીકના આરોપીઓને ૧૨ થી ૧૫ લાખ રુપિયા આપવાના નક્કી કર્યા હતા. આ તમામ પુરાવાના આધારે ગુજરાત એ.ટી.એસ.એ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છાપા મારી ૨ યુવતીઓ સહિત ૭ પરીક્ષાર્થીઓની ધરપકડ કરી છે. જેમાં સાબરકાંઠામાં વન અધિકારી તરીકે ફરજ બજાવતા કનુભાઈ દેસાઈના પુત્ર ઉપરાંત બાયડ પાલિકા ભાજપ કોર્પોરેટર અરવિંદભાઈ જેઠાભાઈ પટેલના પુત્રની અટકાયત થયાનું બહાર આવ્યું છે. પેપર લીક પ્રકરણમાં ભાજપના આગેવાનોના ઘર સુધી રેલો પહોંચતાં સત્તાધારીઓ માટે માથું ખંજવાળવાની નોબત આવી છે.

કયા પરીક્ષાર્થીઓની ધરપકડ

હરીઓમ મનુભાઈ દેસાઈ(રહે.રબારીવાસ, મહીયલ, તા.તલોદ, જિ.સાબરકાંઠા) વિપુલ કનુભાઈ દેસાઈ(રહે.બી-૮ ૯, રોયલપાર્ક સોસાયટી, તલોદ, મૂળ રહે.બાદરજીનામુવાડા, જિ.સાબરકાંઠા) આકાશ અરવિંદભાઈ પટેલ(રહે.૮૧-ઘનશ્યામનગર સોસાયટી, બાયડ, જિ.અરવલ્લી) ઉત્સવ નિતીનભાઈ પટેલ(રહે.જૂના મેડીકલની સામે, આકરુન્દ, તા.ધનસુરા, જિ.અરવલ્લી) આકાશ જશુભાઈ પટેલ(રહે. ૩-ગાયત્રીનગર સોસાયટી, બાયડ, જિ.અરવલ્લી) દિપક્નિકાબેન જનકભાઈ પટેલ(રહે.ખંભીસર, તા.મોડાસા, જિ.અરવલ્લી) નીધી જનકભાઈ પટેલ(રહે.સ્વામિનારાયણ મંદિર પાસે, પ્રેમપુર, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા)

આરોપીઓના સગાઓ જામીન માટે વડોદરા દોડવા

જિલ્લામાંથી એ.ટી.એસ.એ જાન્યુઆરી મહિનામાં યોજાનારી જૂનિયર ક્લાર્ક પરીક્ષા લેવાય તે પહેલાં પેપર લીકના આરોપીઓને દબોચ્યા પછી લાખો રુપિયા આપીને પેપર ખરીદનારા જિલ્લાના ૭ પરીક્ષાર્થીઓની ગુજરાત એ.ટી.એસ.એ ધરપકડ કરતાં આરોપીઓના સગાઓ ગુરુવારે સવારથી વડોદરામાં દિવાળીપુરા વિસ્તારમાં આવેલી કોર્ટમાં જામીન માટે દોડવાનું જાણવા મળ્યું છે.

એ.ટી.એસ.એ. માર્કશીટ બતાવવા વડોદરા બોલાવ્યા અને ધરપકડ, સબંધીઓનો આરોપ

પેપર લીક પ્રકરણમાં ખંભીસરની યુવતીની પણ ગુજરાત એ.ટી.એસ.એ ધરપકડ કરી છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર એ.ટી.એસ. દ્વારા આરોપીઓને તમે માર્કશીટ લઈને વડોદરા આવી બતાવી જશો તેમ કહીને બોલાવ્યા હતા અને ત્યાં જ ધરપકડ કર્યાનો આરોપ લગાવ્યો છે.

એ.ટી.એસ. દ્વારા કરાયેલી ધરપકડથી સ્થાનિક પોલીસ અજાણ

પેપર લીક પ્રકરણના આરોપીઓ સાથે પેપર ખરીદનારા પણ સાણસામાં આવ્યા છે. ગુજરાત એ.ટી.એસ. દ્વારા ૩૦ આરોપીઓની અટકાયત કરી છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૬ પરીક્ષાર્થીઓની એ.ટી.એસ.એ ધરપકડ કરી પરંતુ ૨૪ કલાક પછી પણ સ્થાનિક પોલીસ આ મુદ્દે અજાણ હોવાનું સામે આવ્યું છે.

ડીસાના વાડી રોડ વિસ્તારમાં ચાર દુકાનોમાં ચોરી, એકમાં નિષ્ફળ પ્રયાસ

ડીસા, તા. ૭

ડીસામાં વાડી રોડ વિસ્તારમાં મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ પાંચ દુકાનોને નિશાન બનાવી હતી. જેમાં ચારમાં ચોરી થઈ હતી, જ્યારે એક દુકાનમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. જે મામલે દુકાન માલિકોએ ડીસા શહેર ઉત્તર પોલીસને જાણ કરી હતી. ડીસા પંથકમાં ફરી એકવાર તસ્કરોએ માથું ઊંચક્યું છે. ગત મોડી રાત્રે વાડીરોડ વિસ્તારમાં આવેલી પાંચ દુકાનોને નિશાન બનાવી હતી. જેમાં રાત્રિના સમયે અજાણ્યા તસ્કરોએ બે પાર્લર, એક ટેલર અને એક નાસ્તાની દુકાનના સટર તોડી અંદર પ્રવેશી પરચુરણ માલ-સામાન અને રોકડની ચોરી કરી ગયા હતા. જ્યારે એક દુકાનમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. વહેલી સવારે દુકાનમાં ચોરી થઈ હોવાનું માલુમ પડતાં જ દુકાન માલિકો



ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તપાસ કરતા તેમની દુકાનના તાળા તૂટેલા અને અંદર ચોરી થઈ હોવાનું જણાયું હતું. જેથી તેઓએ ડીસા શહેર ઉત્તર પોલીસને જાણ કરી હતી. આ ચોરીની ઘટના અંગે ડીસા શહેર ઉત્તર પોલીસે દુકાન માલિકોની રજૂઆતના આધારે તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં ગણેશપુરા જતા બિસ્માર માર્ગથી લોકો હેરાન પરેશાન...

ઉબડ ખાબડ રોડ પર ગટરના દૂષિત પાણી ભરાવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા

પાલનપુર તા. ૭

પાલનપુરમાં ગણેશપુરા ને જોડતો માર્ગે છેલ્લા કેટલાક સમય થી બિસ્માર હાલતમાં હોય લોકોએ આ માર્ગે શહેર માં આવવા જવામાં ભારે હાલાકી વેઠવી પડી છે .

જોકે જાહેર માર્ગ પર મોટા મોટા ખાડા પડી ગયા હોય અને આ ખાડા માં ગંદુ પાણી ભરાઈ રહેતા સ્થાનિકોમાં રોગચાળો ફાટી નીકળવા ની દહેસત વર્તાઈ રહી હોય નગર પાલિકા દ્વારા આ ખખડધજ રોડ નું તાકીદે સમાર કામ કરવામાં આવે તેવી ઉગ્ર લોક માંગ ઉઠી છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં નગરપાલિકાની ઘોર લાપરવાહી કારણે શહેરના મોટાભાગના રોડ રસ્તા સાવ બિસ્માર હાલતમાં હોય લોકોને અવર જવર કરવામાં ભારે હલાકી નો સામેનો કરવો પડી રહ્યો છે .જેમાં પાલીકાના વોર્ડ નંબર અગિયારમા સમાવિષ્ટ ગણેશપુરા વિસ્તારને જોડતો મુખ્ય માર્ગ સાવ ખખડધજ હાલ માં હોય અને આ ઉબડ ખાબડ રોડ પર ગટર નું દૂષિત પાણી ભરાઈ રહેતું હોય આ માર્ગ પર લોકોને અવરજવર કરવામાં પારાવાર મુશ્કેલી વેઠવી પડી રહી છે . જોકે આ રોડ ના સમાર કામ કરવાં માટે અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ નગરપાલીકા દ્વારા બિસ્માર માર્ગનું સમાર કામ કરવામાં ન આવતા સ્થાનિકોમાં પાલીકા ની લાપરવાહી સામે ભારે રોષ ભભૂકી ઉઠયો છે ત્યારે નગર પાલીકાના સત્તાધીશો આળશ ત્યજીને વડગામ અને ગણેશપુરા ને જોડતો બિસ્માર માર્ગ નું સત્વરે સમાર કામ કરાવે તેવી માંગ ઉઠી છે.

અરવલ્લી જિલ્લા પોલીસવડાએ ધનસુરા નવોદય વિદ્યાલયની મુલાકાત લીધી

ધનસુરા, તા.૭

અરવલ્લી જિલ્લા પોલીસવડાએ ધનસુરા નવોદય વિદ્યાલય ની મુલાકાત લીધી હતી.માનનીય શ્રી સંજય ખરાત એસ.પી.અરવલ્લી એ જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા જીલ્લા અરવલ્લી ખાતે એસ.પી.સી ના વિદ્યાર્થીઓને મળવા આવ્યા હતા.નવોદય ના આચાર્ય પ્રવિંદ કિષ્નન એ તેમનું સ્વાગત કર્યું હતું.વિદ્યાલય ના વ્યાયામ શિક્ષક સુધીર આસરે અને અંજલી ઠાકુરે એસ.પી.સી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાલય માં ચાલુ પ્રોજેક્ટ પ્રાકૃતિક ખાતર, બગીચો ની

માહિતિ આપી હતી. ધનસુરા પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ અને ડ્રીલ ઈન્સ્ટ્રકટર અશોકસિંહ અને નિકુંજ મેડમ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને માહિતી આપી હતી મોડાસા પોલીસ સ્ટાફ મિહિરભાઈ , જયદીપભાઈ અને અન્ય સ્ટાફે કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

પ્રાંતિજના મામરોલીના સમીરભાઈને તાલુકા કક્ષાનું બેસ્ટ ફાર્મરનો એવોર્ડ

રાજ્યપાલના હસ્તે સન્માનિત થતા ભાવુક બનતા ખેડૂત : પર્યાવરણ, જમીન અને સ્વાસ્થ્ય સુધારણા માટે પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ ખેડૂત સમીરભાઈ પટેલઆત્મા પ્રોજેક્ટના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સતત માર્ગદર્શન મળી રહે છે

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામના ૪૮ વર્ષિય કેમેસ્ટ્રી વિષયમાં સ્નાતક સમીરભાઈ બાબુભાઈ પટેલને તાલુકાકક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રશસ્તીપત્ર અને ૧૦ હજાર રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા

ગુજરાતના રાજ્યપાલ ના હસ્તે સન્માન ગ્રહણ કરી ભાવુક થતા સમીરભાઈ જણાવે છે કે, તેઓ છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેમની પોતાની ૪૦ વિઘા જમીન છે જેમાં તેઓ હડદર, શાકભાજી તેમજ બટાકાની ખેતી કરે છે. પ્રાંતિજ તાલુકામાં ફુલાવર, કોબીજ પુષ્કર પ્રમાણમાં થાય છે. જેમાં પેસ્ટીસાઈઝ રાસાયણિક દવાઓ ખાતરોનો ખૂબ જ ઉપયોગ થાય છે. આ આર્થિક રીતે મોંઘુ પડવાની સાથે સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંનેને નુકસાનકારક છે તેમને પ્રાકૃતિક ખેતીની તાલીમ વિજયનગર તાલુકાના આભાપુર ખાતે ૨૦૧૯માં લીધી હતી. જેમાં પદ્મશ્રી સુભાષ પાલેકરજી દ્વારા

સાત દિવસ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં તેમણે જાણવા મળ્યું કે તેઓ વર્ષોથી રાસાયણીક ખેતી કરી રહ્યા છે જેના કારણે જમીન કડક બની છે. પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઓછી થઈ છે અને વાતાવરણ પણ પ્રદૂષિત થઈ રહ્યું છે. જમીનનો આર્ગેનિક કાર્બન ઘટી ગયો છે. આ ખેતી દિન-પ્રતિદિન વધુ ખર્ચાળ અને માનવ જીવન માટે ખૂબ જ નુકસાનકારક બની રહી છે દર વર્ષે નવા નવા રોગો ઉત્પન્ન થઈ રહ્યા છે રાસાયણીક ખેતીથી અનેક સમસ્યાઓ પેદા થઈ છે . આ તમામ સમસ્યાઓનો જો કોઈ ઉપાય હોય તો તે પ્રાકૃતિક ખેતી છે. જમીન ન બગડે અને ઉત્પાદન પણ સારું મળી રહે તે માટે પ્રાકૃતિક ખેતી માટે પ્રથમ એક ગાય ખરીદી અને ચોમાસા સિઝનથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. ધીમે ધીમે નવા નવા અનુભવો મળતા ગયા અને તાલીમમાં લીધેલ શીખ દ્વારા ખેતી અપનાવી પ્રથમ વર્ષમાં હળદર વાવી અને તેમાં ખૂબ જ સારા પરિણામ મળ્યા. પ્રાકૃતિક ખેતી દ્વારા રાસાયણિક ખાતરો દવાઓ વગેરેનો ખર્ચ બંધ થયું ઉત્પાદન સારું મળ્યું. જમીનમાં અળસિયા દેખાવા લાગ્યા. અળસીયા જમીનમાં ન્યુટ્રિશન વેલ્યુ વધારે છે. જમીન પોચી અને ફળદ્રુપ બનવા લાગી પાણીનો બચાવ થવા લાગ્યો. જેથી મને મારી બધી જ જમીનમાં આ ખેતીની શરૂઆત કરવા માટે હૈયાધારણ મળી અને આત્મા યોજનાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો સાથ સહકાર મળવાથી જ્યારે ખેતીમાં સમસ્યા આવે ત્યારે યોગ્ય માર્ગદર્શન મળવાથી આ ખેતી આસાન બનતી રહી છે. તેથી મારી ૪૦ વિઘા જમીનમા આ ખેતી કરું છું વધુમાં જણાવે છે કે, રાજ્યપાલશ્રી પ્રાકૃતિક ખેતીમાં મહારત ધરાવે છે. આ ખેતી થકી તેઓ વડાપ્રધાનશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીમાં ૮૫ ટકા જ્યારે રાસાયણિક ખેતીમાં ૫૦% થી પણ ઓછું વળતર છે કારણ કે રાસાયણિક દવાઓ ખાતરો ખૂબ જ મોંઘા છે અને લેબર કોસ્ટ પણ ખૂબ ઊંચી છે પ્રાકૃતિક ખેતીમાં માત્ર લેબર કોસ્ટ ગણવાની બાકી તો ઘરેથી જ ઉપલબ્ધ સામાનથી જેવી કે ખાટી છાશ, ચણાનો લોટ, ગોળ, ગાયનું છાણ વગેરે વિના મૂલ્ય મળી રહે છેબંને ખેતીની તુલના કરતાં સમજણ પડે છે કે પ્રાકૃતિક ખેતી એ આપણા માટે ખૂબ જ ફાયદાકારક છે સાથે દેશી ગાયનું દૂધ અને ઘી પણ મળી રહે છે. પર્યાવરણ સુધારણા જમીન સુધારણા અને સ્વાસ્થ્ય સુધારણા પણ આ ખેતી દ્વારા જ થઈ શકે તેમ છે.

પેઢમાલા ગામે ઈચ્છાપૂર્તિ હનુમાન મંદિરે હવન બાદ વિશાળ શોભાયાત્રા નીકળી....

ગાંભોઈ, તા.૦૭

હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે સ્થાનિક યુવા સંગઠન પેઢમાલા તથા સમસ્ત ગ્રામજનો દ્વારા ડુંગર પર બિરાજમાન કુદરતી સૌંદર્યના સાનિધ્યમાં આવેલ ઈચ્છાપૂર્તિ હનુમાન મંદિરે કિશોરભાઈ પંડ્યા, જયેશભાઈ પંડ્યા, જતીનભાઈ જાની, જનકસિંહ ચૌહાણ, નિર્મલસિંહ ઝાલા વગેરે અગ્રણીઓના યજમાન પડે વૈદિક મંત્રોચ્ચાર સાથે આચાર્યશ્રી યતિનભાઈ શાસ્ત્રીના હસ્તે હોમ-હવન વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ પેઢમાલા યુવા સંગઠનના કાર્યકર્તાના માર્ગદર્શન હેઠળ પેઢમાલા ગામે મુખ્ય શેરી-મહોલ્લામાં ડી.જે.ના તાલે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં સ્થાનિક આગેવાનો, શ્રદ્ધાળુ જનતા તેમજ સંતો- મહાસંતો વગેરે ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો.